તા. ૧૫-૧૦-૨૦૨૨ | **સાંદીપનિ વાલ્મીકિ શાળા વિકાસ સંકુલ** | સમય : ૨ કલાક

**પ્રથમ પરીક્ષા : ૨૦૨૨** | કુલ ગુણ : ૫૦

**ધોરણ : ૧૧**

**વિષય : નામાના મૂળતત્વો**

## વિભાગ - A

❖ **નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી લખોઃ** ૬

૧. હિસાબી પધ્ધતિના મુખ્યત્વે કેટલા પ્રકાર પાડવામાં આવે છે?
અ. બે    બ. ત્રણ    ક. ચાર    ડ. પાંચ

૨. કોઇ ચોક્કસ બાબતને સ્પર્શતા વ્યવહારોને અન્ય વ્યવહારોથી અલગ અલગ તીરે નોંધી તેની તારવણી કાઢવામાં આવે તેને શું કહે છે?
અ. ખાતું    બ. ટાંચણ    ક. આમનોંધ    ડ. આપેલ એકપણ નહી

૩. વસ્તુઓ અને સેવાઓ કરના અમલનું વર્ષ __________ છે.
અ. 2016    બ. 2017    ક. 2015    ડ. 2014

૪. આમનોંધ એ હિસાબી વ્યવહારોનો __________ છે.
અ. મૂળભૂત ચોપડો    બ. મુખ્ય ચોપડો    ક. આખરી ચોપડો    શ. અન્ય ચોપડો

૫. મહેસૂલી ખર્ચ રોકડમાં ચુકવવામાં આવે ત્યારે,
અ. મિલકત વધે - દેવું વધે    બ. મિલકત ઘટે - મૂડી ઘટે    ક. મિલકત વધે - મૂડી વધે    ડ. મિલકત ઘટે - દેવું ઘટે

૬. કોને ચોપડાઓનો રાજા ગણવામાં આવે છે?
અ. આમનોંધના ચોપડાને    બ. ખાસ આમનોંધ ચોપડાને    ક. ખાતાવહીના ચોપડાને    ડ. વ્યવહારોની નોંધના ચોપડાને

## વિભાગ - B

❖ **નીચેના પ્રશ્નોના એક વાકયમાં જવાબ લખોઃ** ૬

૭. આર્થિક વ્યવહાર કોને કહે છે?

૮. અન્ય રીતે માલની જાવકનાં ત્રણ ઉદાહરણ આપો.

૯. પેટાનોંધો એટલે શું?

૧૦. ખાતાવહીનાં ક્યાં સ્વરૂપો પ્રચલિત છે.

૧૧. જમા-ખર્ચી વ્યવહાર એટલે શું?

૧૨. ખાસ આમનોંધમાં ક્યાં ક્યા વ્યવહારો નોંધાય છે?

## વિભાગ - C

❖ **નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપોઃ** ૧૨

૧૩. નીચેના પારિભાષિક શબ્દોની સમજૂતી આપો.
૧. વાઉચર    ૨. મહેસૂલી ખર્ચા    ૩. મૂડી

૧૪. નીચેનાં ખાતાંઓના પ્રકાર (વર્ગીકરણ) જણાવો.
૧. ઘસારા ખાતું    ૨. મળેલ ડિવિડન્ડ ખાતું    ૩. ઉપાડ ખાતું
૪. ખરીદ ખાતું    ૫. કર્ણાવતી કલબ ખાતું    ૬. સ્ટેસનરી સ્ટોકખાતું

૧૫. નીચેના વ્યવહારોની આમનોંધલખીને તે વ્યવહારોની હિસાબી સમીકરણ પર અસરો સમજાવો.
૧. રૂ. ૨૦,૦૦૦નું પ્રેક્ષા ફર્નિચર માર્ટમાંથી ફર્નિચર ખરીદ્યું
૨. રૂ. ૫,૦૦૦ પગારના ચેકથી ચુકવ્યા.
૩. રૂ. ૩૦,૦૦૦ બેન્કમાં ભરીને ખાતું ખાલાવ્યું.

૧૬. નીચેના વ્યવહારોની એકતાના ચોપડામાં ખાસ આમનોંધ લખો.
૧. હ્રાયા પાસેથી મળેલ રૂ. ૭૦૦ની નોંધ રીયા ખાતે કરેલ છે.
૨. રૂ. ૪,૦૦૦નો માલ નમૂના તરીકે મફત વહેંચ્યો.
૩. રૂ. ૨,૦૦૦ હેતલ પાસે લેણાં છે. જે રકમ હવે મળી શકે તેમ નથી.

અથવા

૧૬. ખાસ આમનોંધ એટલે શું ? તે સમજાવી ઉદાહરણ આપો.

Master GURU Chirag Prajapati

## વિભાગ - D

નીચેના પ્રશ્નોના માગ્યા મુબ જવાબ લખો: ૮

**૧૭.** નીચે આપેલા વ્યવહારો પરથી તેજસભાઇની આમનોંધ તૈયાર કરી ખતવણી કરો.

2022 જૂન - 1 રૂ. 40,000 રોકડા તથા રૂ. 20,000 નું ફર્નિચર ધંધામાં લાગ્યા.

2 ઓફિસ ખર્ચ રૂ. 2,200 ચુકવ્યો.

**૧૮.** શ્રી પરેશભાઇના ચોપડેથી તા. 31 – 3 – 2022 ના રોજની બાકીઓ પરથી કાચું સરવૈયું તૈયાર કરો.

| ખાતાનું નામ | રકમ(રૂ.) | ખાતાનું નામ | રકમ (રૂ.) |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટોક | 10,000 | બેંક સિલક | 35,000 |
| મજૂરી | 800 | આવકમાલ ગાડાભાડું | 1,500 |
| વેચાણ | 70,000 | લેણદારો | 10,000 |
| સમારકામ | 700 | દેવાદારો | 15,000 |
| ઘાલખાધ અનામત | 3,000 | પાઘડી | 20,000 |
| જમીન-મકાન | 55,000 | કારખાના ખર્ચ | 3,000 |
| વીજળી ખર્ચ | 1,000 | લીધેલ લોન | 20,000 |
| મૂડી | 40,000 | રોયલ્ટી | 1,000 |

## વિભાગ - E

નીચેના વ્યવહારો પરથી માગ્યા મુજબ જવાબ આપો. (પ્રત્યેકના 6 ગુણ) ૧૮

**૧૯.** નીચેના વ્યવહારો પરથી દિપાલીના ચોપડે આમનોંધ લખો.

2022 માર્ચ - 1 રૂ. 40,000 રોકડા, રૂ. 10,000 નું ફર્નિચર, રૂ. 8,000 નો માલ સ્ટોક અને રૂ. 20,000 ની પ્રજ્ઞાની 8% ની લોન ધંધો શરૂ કર્યો.

3 રૂ. 2,500 જીવનવીના-પ્રિમીયમના ભર્યા

8 દીપકમાંથી રૂ. 10,000 નો માલ ખરીદી અડધી રકમ ચેકથી ચુકવી.

15 કમિશનના રૂ. 400 મળ્યા.

20 મજૂરીના રૂ. 200 અને લારીભાડાના રૂ. 100 રોકડા મુકવ્યા.

22 રૂ. 20,000 નું યંત્ર ચેકથી ખરીદ્યું તથા યંત્ર-ગોઠવણી ખર્ચના રૂ. 500 રોકડા ચુકવ્યા.

26 મનીષા પાસેથી રૂ. 5,000 નો માલ મોકવાનો ઓર્ડર મળ્યો.

**૨૦.** નીચેના વ્યવહારો પરથી શ્રી મહેતાની ખરીદનોંધ તથા વેચાણનોંધ તૈયાર કરો.

2022 ઓગષ્ટ - 1 રૂ. 20,000 નો માલ સરદાર સ્ટેર્સ માંથી 10% વેપારી વટાવે ખરીદ્યો.

3 નેહાને રૂ. 30,000 નો માલ 3 માસની શાખ પર વેચ્યો અને સાથે બિલ નંબર 85 મોકલી આપ્યું.

12 રૂ. 6,000 નું ફર્નિચર શ્રીજી ફર્નિચર માર્ટમાંથી એક માસની શાક પર ખરીદ્યું.

18 આનંદ સ્ટોર્સને રૂ. 8,000 નો માલ 5% વેપારી વટાવે વેચ્યો. મજૂતીના 300 સાથેનું બિલ નંબર 197 મોકલી આપ્યું.

22 કનુભાઇ પાસેથી 16,000 માલ 10% વેપારી વટાવે ખરીદ્યો અને અડધાં નાણાં તરત જ ચેકથી ચુકવી આપ્યા.

28 અશ્વિનને રૂ. 9,000 નો માલ 10% વેપારી વટાવે વેચ્યો અને અશ્વિને 50% રકમ તરત જ ચૂકવી આપી.

**૨૧.** નીચેના વ્યવહારો પરથી શ્રી કુશવનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો.

2019 જુલાઇ - 1 શરૂઆતની રોકડ સિલક રૂ. ૭,000 રોકડા, બેન્ક ઓવર ડ્રાફ્ટ રૂ. 4,000

8 મયુરને રૂ. 4,000 નો માલ વેચ્યો, તેની પાસેથી ચેક મળ્યો જે બેન્કમાં ભર્યો.

14 દિપેન પાસેથી રૂ. 3,000 નો માલ 10% રોકડ વટાવે રોકડેથી ખરીદ્યો.

20 બેન્કમાં રૂ. 2,000 ભર્યો.

22 માનસીને રૂ. 8,080 ના ચુકતે હિસાબ પેટે રૂ. 8,000 નો ચેક લખી આપ્યો.

26 અંગત વપરાશ માટે ધંધામાંથી રૂ. 4,000 રોકડા ઉપાડયા.

Master GURU Chirag Prajapati